પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૩૨ | ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૩, મંગળવાર; મહા વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# મહિલા IPLમાં સ્મૃતી મંધાના સૌથી મોંઘી

## મુંબઈમાં વિમેન્સ પ્રીમિયર લીગ માટે હરાજીમાં સ્મૃતી મંધાના સૌથી મોંઘી ૩.૪૦ કરોડમાં વેચાઈ : ડબલ્યુપીએલની પ્રથમ સિઝનમાં ૫ ટીમો, હરાજીમાં આ પાંચ ટીમોની ફ્રેન્ચાઈઝી પોતપોતાની ટીમ પસંદ કરશે



મુંબઈ, તા.૧૩

વિમેન્સ પ્રીમિયર લીગ માટે હરાજી શરૂ થઈ ગઈ છે. ભારતની સ્ટાર ઓપનર સ્મૃતિ મંધાના પહેલા સેટની સૌથી મોંઘી ખેલાડી બની છે. તેને આરસીબીએ ૩.૪૦ કરોડ રૂપિયામાં ખરીદી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સ્મૃતિની બેઝ પ્રાઈસ ૫૦ લાખ રુપિયા હતી.

ભારતીય ક્રિકેટ બોર્ડે મહિલા પ્રીમિયર લીગની હરાજી માટે મહિલા હરાજી કરનારની પસંદગી કરી છે. મહિલા આઈપીએલની પ્રથમ સિઝનની હરાજીમાં મલાઈકા અડવાણી હરાજી કરાવી રહ્યા છે. મલાઈકા અડવાણી વિશે વાત કરીએ તો, તે મુંબઈની રહેવાસી છે અને આર્ટ કલેક્ટર કન્સલ્ટન્ટ સાથે ઈન્ડિયા કન્સલ્ટન્ટ્સ ફર્મમાં ભાગીદાર તરીકે પણ કામ કરે છે.

ડબલ્યુપીએલની પ્રથમ સિઝનમાં ૫ ટીમો હશે. આવી સ્થિતિમાં આ વખતે હરાજીમાં આ પાંચ ટીમોની ફ્રેન્ચાઈઝી પોતપોતાની ટીમ પસંદ કરશે. દરેક ફ્રેન્ચાઈઝી પોતાની ટીમમાં ૧૫ થી ૧૮ ખેલાડીઓ રાખી શકે છે. આવી સ્થિતિમાં ઓછામાં ઓછા ૭૫ અને વધુમાં વધુ ૯૦ ખેલાડીઓની હરાજી થશે. દરેક ફ્રેન્ચાઈઝી તેની ટીમમાં વધુમાં વધુ ૬ વિદેશી ખેલાડીઓ ખરીદી શકે

● અનુસંધાન પાન-૭ પર

# બેંગલુરૂમાં એશિયાના સૌથી મોટા એર-શોને વડાપ્રધાને ખુલ્લો મુક્યો

## સંરક્ષણ ક્ષેત્રે નિકાસ વધારીને ૫ અબજ ડોલર કરવા લક્ષ્યાંક : મોદી - : નરેન્દ્ર મોદીએ એરો ઈન્ડિયા ૨૦૨૩ પર એક સ્મારક ટપાલ ટિકિટ પણ બહાર પાડી, એશિયાના સૌથી મોટા એર શોમાં અનેક કરારો પણ થશે

બેંગલુરૂ, તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બેંગલુરુમાં યેલાહંકા એરફોર્સ સ્ટેશન ખાતે એરો ઈન્ડિયા ૨૦૨૩ની ૧૪મી આવૃત્તિનું ઉદ્‌ઘાટન કર્યું. આ દરમિયાન તેમણે કહ્યું કે સંરક્ષણ એક એવું ક્ષેત્ર છે, જેની ટેક્નોલોજી, બજાર અને તકેદારી સૌથી જટિલ માનવામાં આવે છે. અમારું લક્ષ્ય ૨૦૨૪-૨૫ સુધીમાં તેની નિકાસનો આંકડો ૧.૫ અબજથી વધારીને ૫ અબજ ડોલર કરવાનો છે. આ પ્રસંગે પીએમ મોદીએ એરો ઈન્ડિયા ૨૦૨૩ પર એક સ્મારક ટપાલ ટિકિટ પણ બહાર પાડી.

એશિયાના સૌથી મોટા એર શોમાં અનેક કરારો પણ થશે. અધિકારીઓએ જણાવ્યું કે, એરો ઈન્ડિયામાં લગભગ ૨૫૦ કરાર થવાની આશા છે. જેમાં લગભગ ૭૫,૦૦૦ કરોડ રુપિયાનું રોકાણ થવાનું અનુમાન છે. તેઓએ કહ્યું કે, એરો ઈન્ડિયાના ૧૪મી આવૃતિની થીમ ધ રન વે ટુ એ બિલિયન ઓપોર્ચ્યુનિટી છે. આ ઉદ્દેશ સાથે એરોસ્પેસ અને રક્ષા ક્ષેત્રેની ક્ષમતાઓમાં વધારાને પ્રદર્શિત કરીને એક મજબૂત અને આત્મનિર્ભર નવા ભારતનો ઉદયનો પ્રચાર કરવો ણ છે. પ્રદર્શનમાં સરકારના મેક ઈન ઈન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ વિઝન મુજબ સ્વદેશી ઉપકરણો અને ટેકનોલોજીનું પ્રદર્શન કરવા




માટે વિદેશી કંપનીઓ સાથે ભાગીદારી કરવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

# તૂર્કી અને સિક્કીમમાં ધરતી ધ્રૂજી

## ભૂકંપની તીવ્રતા ઓછી હોવાને કારણે કોઈ જાનહાનિ કે જાનમાલને નુકસાન થયું હોવાની કોઈ માહિતી નથી

નવી દિલ્હી, તા.૧૩

છેલ્લા કેટલાક દિવસોથી દુનિયાભરમાં ભૂકંપના અહેવાલો મળી રહ્યા છે ત્યારે ભારતના મોટાભાગના રાજ્યોમાં હવે ધીમે ધીમે ભૂકંપની ઘટનાઓ વધતી જઈ રહી છે. સોમવારે ફરીવાર ભૂકંપગ્રસ્ત તૂર્કીયે ફરીવાર ૪.૭ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. જેના લીધે લોકો ભયભીત થઈ ગયા હતા. આ દરમિયાન સોમવારે જ સવારે ભારતમાં સિક્કિમના કેટલાક વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હોવાનું સામે આવ્યું છે. ભૂકંપની તીવ્રતા ૪.૩ નોંધાઈ હતી. જોકે ભૂકંપની તીવ્રતા ઓછી હોવાને કારણે કોઈ જાનહાનિ કે જાનમાલને નુકસાન થયું હોવાની કોઈ માહિતી નથી. રાષ્ટ્રીય ભૂકંપ કેન્દ્રના અહેવાલ અનુસાર સવારે ૪.૧૫ કલાકે આંચકા અનુભવાયા હતા. તેનું કેન્દ્ર ઉત્તર-પૂર્વીય યુક્સોમમાં હતું. ભૂકંપનું કેન્દ્ર સપાટીથી ૭૦ કિલોમીટરની ઉંડાઈએ હતું. આ પહેલા ગત રવિવારે આસામના કેટલાક ભાગોમાં પણ ચારની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો. આસામમાં પણ ભૂકંપથી કોઈ જાનહાનિ કે નુકસાન થયું નથી.

# ૨૦૩૦ સુધીમાં બે કરોડથી વધુ ઈલેક્ટ્રિક વાહનો તૈયાર થશે

## કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રીએ માહિતી આપી : દેશમાં ૨૦.૮ લાખ ઇલેક્ટ્રિક વાહનો છે,૨૦૨૧ ની સરખામણીમાં, ૧ મિલિયન ઇલેક્ટ્રિક વાહનો તૈયાર થયા

નવી દિલ્હી, તા.૧૩

કેન્દ્રીય માર્ગ પરિવહન અને



રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ દેશમાં ઈલેક્ટ્રિક વાહનોને લઈ માહિતી આપતા કહ્યું છે કે, વર્ષ ૨૦૩૦ સુધીમાં દેશભરમાં બે કરોડથી વધુ ઈલેક્ટ્રીક વાહનો તૈયાર થઈ શકે છે. અત્યારે દેશમાં ઈલેક્ટ્રિક વાહનોની સંખ્યા કેટલી ઝડપથી વધી રહી છે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ માહિતી આપી છે કે, સમગ્ર દેશમાં ઈલેક્ટ્રિક વાહનોની સંખ્યા ઝડપથી વધી રહી છે. તેમણે કહ્યું કે આજે દેશમાં ૨૦.૮ લાખ ઈલેક્ટ્રિક વાહનો છે. ૨૦૨૧ ની સરખામણીમાં, ૧ મિલિયન ઈલેક્ટ્રિક વાહનો તૈયાર થયા છેઅને તેમાં ૩૦૦ ટકાનો વધારો થયો છે. જેમાં તેમણે કહ્યું કે, અંદાજ મુજબ ૨૦૩૦ સુધીમાં બે કરોડથી વધુ વાહનો હશે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ ૪.૫ લાખ ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર છે અને આવનારા સમયમાં તેમની સંખ્યા પણ વધશે, જેનાથી ૧૦ લાખ નોકરીઓનું પણ સર્જન થશે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, હાલમાં ઓટોમોબાઈલ ઉદ્યોગ રૂ. ૭.૮ લાખ કરોડનો છે. ઓટોમોબાઈલ ઉદ્યોગે ચાર કરોડ નોકરીઓ પૂરી પાડી છે. ભારત સરકાર અને રાજ્ય સરકારો માત્ર ઓટોમોબાઈલ ઉદ્યોગમાંથી મહત્તમ જીએસટી મેળવે છે. મારો ઉદ્દેશ્ય આ રૂ. ૭.૮ લાખ કરોડના ઉદ્યોગને પાંચ વર્ષમાં રૂ. ૧૫ લાખ કરોડનો ઉદ્યોગ બનાવવાનો છે.

# પૂણેમાં ગૂગલની ઓફિસને બોમ્બથી ઉડાવી દેવા ધમકી

## મુંબઈ પોલીસ એલર્ટ મોડ પર : મુંબઈ પોલીસને આવેલા ફોન બાદ પૂણે પોલીસને જાણ કરાતા હૈદ્રાબાદથી એક વ્યક્તિની ધરપકડ કરાઈ




પૂણે, તા.૧૩

મહારાષ્ટ્રના પૂણેમાં ગૂગલ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. આ ધમકી મળ્યા બાદ મુંબઈ પોલીસ એલર્ટ મોડ પર છે. આ ગૂગલ ઓફિસ પુણેના કોરેગાંવ પાર્ક વિસ્તારમાં આવેલી છે. એક અજાણ્યા વ્યક્તિએ મુંબઈ પોલીસને ફોન કરીને કહ્યું હતું કે ઓફિસમાં બોમ્બ છે. બાદમાં આ માહિતી મુંબઈ પોલીસે પુણે પોલીસને આપી હતી. આ મામલે કાર્યવાહી કરતી વખતે પોલીસે હૈદરાબાદના એક વ્યક્તિની અટકાયત કરી છે.

આ અગાઉ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ધમકી ભર્યો ફોન આવ્યો હતો. આ ફોન આતંકવાદી સંગઠન ઈન્ડિયન મુજાહિદ્દીનના નામથી મોડી રાત્રે આવ્યો હતો. ધમકી ભર્યો કોલ આવ્યા બાદ મુંબઈ પોલીસ સહિત બીજી એજન્સીઓ એલર્ટ થઈ ગઈ હતી. મુંબઈ પોલીસ દ્વારા મળેલી ફોન કરનારા વ્યક્તિએ પોતાનું નામ ઈરફાન અહમદ શેખ અને પોતાને ઈન્ડિયન મુજાહિદ્દીનનો સદસ્ય ગણાવ્યો હતો.

# વિશ્વમાં ૩૩૨ કંપનીઓએ એક લાખથી વધુ કર્મચારીઓને છૂટા કર્યા

## ૨૦૨૩ દરમિયાન મોટી સંખ્યામાં કર્મચારીઓએ તેમની નોકરી ગુમાવી : ગૂગલે તેના કર્મચારીઓના ૬ ટકા ઘટાડ્યા, એટલે કે લગભગ ૧૨,૦૦૦ કર્મચારીઓને કાઢી મૂક્યા, જે તમામ કંપનીઓ કરતાં વધુ છે

નવી દિલ્હી,તા.૧૩

વર્ષ ૨૦૨૩ દરમિયાન, વૈશ્વિક મંદીના ભય વચ્ચે મોટી સંખ્યામાં કર્મચારીઓએ તેમની નોકરી ગુમાવી છે. ૩૩૨ ટેક કંપનીઓએ વિશ્વભરમાં ૧ લાખથી વધુ કર્મચારીઓને બરતરફ કર્યા છે. તેમાં ગૂગલ, મેટા, માઈક્રોસોફ્ટથી લઈને ઘણી મોટી કંપનીઓ સામેલ છે. વર્ષ ૨૦૨૩ ના છેલ્લા મહિનામાં મોટાભાગની કંપનીઓએ હજારો કર્મચારીઓની છટણી કરી દીધી છે. બીજી તરફ કેટલીક કંપનીઓએ તો આખી ટીમને સમાપ્ત કરી દીધી છે. ન્ટ્ઠર્એકકજ.કઐના ડેટા અનુસાર, કુલ ૧,૦૦,૭૪૬ કર્મચારીઓને બરતરફ કરવામાં આવ્યા છે, જેમાં લગભગ ૩૩૨ કંપનીઓનો સમાવેશ થાય છે. જાન્યુઆરીમાં મોટી કંપનીઓએ મોટા પાયે લોકોને નોકરીમાંથી કાઢી મૂક્યા છે. ગૂગલે તેના કર્મચારીઓના ૬ ટકા ઘટાડ્યા, એટલે કે લગભગ ૧૨,૦૦૦ કર્મચારીઓને કાઢી મૂક્યા, જે તમામ કંપનીઓ કરતાં વધુ છે. તે જ સમયે, માઈક્રોસોફ્ટે લગભગ ૧૦,૦૦૦ કર્મચારીઓને બહારનો રસ્તો બતાવ્યો છે. આ સિવાય એમેઝોને ૮ હજાર કર્મચારીઓને કાઢી મૂક્યા છે. સેલ્સફોર્સે તેના કુલ કર્મચારીઓમાંથી ૮,૦૦૦ કર્મચારીઓને છૂટા કર્યા.

બીજી તરફ, ડેલે ૬૬૫૦, IBMએ લગભગ ૩૯૦૦, SAPએ ૩૦૦૦, ઝૂમે લગભગ ૧૩૦૦ અને કોઈનબેસે લગભગ ૯૫૦ કર્મચારીઓની છટણી કરી છે. યાહૂએ હાલમાં જ તેના ૨૦ ટકા કર્મચારીઓને દૂર કરવાની જાહેરાત કરી છે. આ સિવાય ૮ ટકા અથવા ૬૦૦ લોકોને નોકરી આપવાની પણ વાત કરવામાં આવી હતી. માઈક્રોસોફ્ટની માલિકીની GitHub એ પણ આગામી ક્વાર્ટરમાં તેના લગભગ ૧૦ ટકા કર્મચારીઓ અથવા ૩૦૦ કર્મચારીઓની છટણી કરવાની જાહેરાત કરી છે. તે જ સમયે, ગોડેડીએ ૮ ટકા કર્મચારીઓને દૂર કરવાની માહિતી પણ આપી છે.

વર્ષ ૨૦૨૩માં કોણે કેટલા કર્મચારીઓને કાઢી મૂક્યા જેમાં માઈક્રોસોફ્ટે ૧૦,૦૦૦ કર્મચારીઓની છટણી કરી છે, એમેઝોનના ૮ હજાર કર્મચારીઓ, સેલ્સફોર્સમાં ૮૦૦૦ કર્મચારીઓ પણ, ડેલ લેપટોપ કંપનીના ૬૬૫૦ કર્મચારીઓ, IBMએ ૩,૯૦૦ કર્મચારીઓને છૂટા કર્યા, એસએપી ૩ હજાર કાઢી મુક્યા, ઝૂમે ૧,૩૦૦ની છટણી કરી છે.

# ઝારખંડ કોંગ્રેસના ચાર નેતા છ વર્ષ માટે સસ્પેન્ડ

રાંચી, તા.૧૩

ઝારખંડ કોંગ્રેસે પ્રદેશ મહાસચિવ આલોક દુબે અને ડો. રાજેશ ગુપ્તા સહિત ૪ નેતાઓ સામે મોટી કાર્યવાહી કરી છે. કોંગ્રેસે આ ચાર નેતાઓને ૬ વર્ષ માટે પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દીધા છે. શિસ્ત સમિતિએ આલોક દુબે, લાલ કિશોર નાથ શાહદેવ, ડો. રાજેશ ગુપ્તા અને સાધુ શરણ ગોપને રાજ્ય નેતૃત્વ વિરુદ્ધ પ્રવૃત્તિઓ માટે સસ્પેન્ડ કરવાની ભલામણ કરી હતી.

આ નેતાઓ પક્ષ વિરોધી પ્રવૃતિઓમાં સંડોવાયેલા હોવાના કારણે કોંગ્રેસે તેમની સામે કાર્યવાહી કરી હોવાનું ચોક્કસ કહેવાય છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ નેતાઓએ પ્રદેશ નેતૃત્વ સામે આંદોલન શરૂ કર્યું હતું. ૨૧ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ આ નેતાઓ પાસેથી ખુલાસો માંગવામાં આવ્યો હતો પરંતુ ૧૪ દિવસ બાદ પણ આ લોકોએ કોઈ સંતોષકારક જવાબ આપ્યો ન હતો.

# ચારધામમાં વીઆઈપી દર્શન માટે ચાર્જ લાગુ કરવા વિચારણા

## બીકેટીસીની ચાર ટીમો તિરુપતિ, મહાકાલેશ્વર, વૈષ્ણોદેવી મંદિર અને સોમનાથ મંદિરના અભ્યાસ માટે ગઈ છે



દહેરાદૂન, તા.૧૩

ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા દરમિયાન આ વખતે નવા નિયમ બદલાઈ શકે છે. વીઆઈપી દર્શન માટે ચાર્જ લાગુ થઈ શકે છે. સામાન્ય લોકો માટે ટોકન વ્યવસ્થા સાથે જ અન્ય કેટલાક નિયમોમાં પરિવર્તન પર વિચાર ચાલી રહ્યો છે.

આ માટે બીકેટીસીની ચાર ટીમો અલગ-અલગ મંદિરોમાં અભ્યાસ માટે ગઈ છે. આ ચારેય ટીમ તિરુપતિ વેંકટેશ મંદિર આંધ્ર પ્રદેશ, મહાકાલેશ્વર મંદિર ઉજ્જૈન, વૈષ્ણોદેવી મંદિર જમ્મુ કાશ્મીર અને સોમનાથ મંદિર ગુજરાતની વ્યવસ્થા સાથે વાતચીત કરશે. તમામ વાતોના અભ્યાસ બાદ બીકેટીસી અને શાસન સ્તર પર વ્યવસ્થાઓને બદલવા પર વિચાર કરવામાં આવી શકે છે.

ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા ૪ એપ્રિલ મહિનાથી શરૂ થઈ રહી છે પરંતુ ભીડની વધુ સંખ્યાને જોતા તંત્ર અને બીકેટીસી સ્તર પર વ્યવસ્થામાં પરિવર્તન કરવા મુદ્દે વિચાર કરી રહી છે, જાણકારી અનુસાર આ વખતે વીઆઈપી દર્શન માટે ચાર્જ લાગુ થઈ શકે છે.


**જોઈએ છે**

**ગુજરાત ગેસ ONM એક્ટિવિટી માટે**

(૧) **એન્જિનિયર ડીપ્લોમાં એન્જિનિયરીંગ અને મિકેનીકલ એન્જિનિયર**
(ગુજરાત ગેસમાં ૨ થી ૩ વર્ષનો અનુભવ અથવા ફ્રેશર)

(૨) **ITI ફીટર : વેલ્ડર / ટેકનીશીયન**
(ગુજરાત ગેસમાં ૨ થી ૩ વર્ષનો અનુભવ અથવા ફ્રેશર)

(૩) **સુપરવાઈઝર : ૧૨ પાસ**
(૨ થી ૩ વર્ષનો અનુભવ અથવા ફ્રેશર)

**ઈન્ટરવ્યુ તા. ૧૬/૨/૨૦૨૩, ગુરૂવાર**
**સમય : સવારે ૧૦-૦૦ થી ૫-૦૦**

**પ્રથમ બાયોડેટા મોકલવા માટે**
Email ID : chintamaniasso@rediffmail.com

: ઓફિસ :
**ચિંતામણી એસોસીએટ્સ**
ગુજરાત ગેસ CNG પંપ, સેક્ટર-૫,
ONM ઓફિસ, ગાંધીનગર
સંપર્ક : ૯૫૩૭૮૭૧૯૧૦



**વોક ઈન ઈન્ટરવ્યુ**

જન આરોગ્ય સમિતિ, પ્રા.આ. કેન્દ્ર - રૂપાલ, તા.જી. ગાંધીનગર ખાતે ૧૧ માસ માટે કરાર આધારિત નીચે જણાવેલ મુજબની જગ્યા માટે મેરીટ તથા ઈન્ટરવ્યુના આધારે ભરવાની થાય છે. જે અંગે નીચે દર્શાવેલ લાયકાત ધરાવતા ઉમેદવારોએ જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ સાથે નીચે પત્રકમાં દર્શાવેલ તારીખ અને સમયના રોજ પોતાની અરજી, શૈક્ષણિક લાયતા અને અનુભવ પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ તથા પાસપોર્ટ ફોટા તારીખ ૨૦-૨-૨૦૨૩ સુધીમાં આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ, રૂબરૂ મોકલી આપવાની રહેશે ત્યાર બાદ મળેલ અરજી ધ્યાને લેવામાં આવશે નહિ. યોગ્ય ઉમેદવારને ટેલીફોનીક સુચના મારફતે ઈન્ટરવ્યુમાં બોલાવવામાં આવશે.

**ઈન્ટરવ્યુમાં સ્વ-ખર્ચે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.**

| અ.નં. | પોસ્ટનું નામ | લાયકાત | જગ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|---|
| ૧ | ફાયનાન્સ આસીસ્ટન્ટ કમ ડેટા એન્ટ્રી ઓપરેટર | બી.કોમ., Tally તથા ૩ વર્ષનો અનુભવ (કોમ્પ્યુટર જાણકારી ગુજરાતી/અંગ્રેજી ટાઈપીંગ જરૂરી) | ૧ | ૧૩૦૦૦/- |

સદર જગ્યા કરાર આધારીત હોઈ વખતો વખતની સરકારશ્રીની સુચનાઓ મુજબ કોઈ પણ પ્રકારના હક્ક દાવા રહેશે નહીં. ઉક્ત જગ્યા બદલીપાત્ર નથી તથા કરારની મુદત અથવા પ્રોજેક્ટ પૂર્ણ જાહેર થવાથી નિમણુંક આપો-આપ રદ ગણાશે. સદર ભરતી બાબતના તમામ અધિકારી પસંદગી કમિટીના અબાધિત રહેશે.

**: રૂબરૂ અરજી આપવા માટેનું સ્થળ :**
**પ્રા. આ. કેન્દ્ર - રૂપાલ, તા.જી. ગાંધીનગર**
(સવારે ૯-૦૦ થી બપોરે ૧૩-૦૦ કલાક સુધીમાં)
(જાહેર રજા તથા રવિવારના દિવસે અરજી સ્વીકારવામાં આવશે નહિ.)

**ઈન્ટરવ્યુનું સ્થળ : પ્રા. આ. કેન્દ્ર - રૂપાલ, તા. જી. ગાંધીનગર**